# છેલ્લી ઘડી સુધી શહેરના બજારોમાં ગ્રાહકોની ભીડ

## કપડાની દુકાનો મોડી રાત સુધી ધમધમતી રહી : શોપીંગ મોલમાં પણ ગ્રાહકો ખરીદી કરવા ઉમટયા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરમાં દિવાળીના દિવસ સુધી છેલ્લી ઘડીની ખરીદી માટે શહેરના બજારોમાં માનવ મહેરામણ ઉમટ્યુ હતુ. શહેરના સેક્ટર-૭, સેક્ટર-૨૧, સેક્ટર-૨૨, સેક્ટર-૨૪ સહિત ન્યુ ગાંધીનગરના વિસ્તારોમાં આવેલ કાપડ બજારની દુકાનોમાં નાના બાળકથી લઈ મોટેરાઓનો ભારે ઘસારો રહ્યો હતો. શહેરની દુકાનો ગ્રાહકોથી ઉભરાતા પગ મુકવાની પણ જગ્યા દુકાનમાં રહી ન હતી. ગ્રાહકોના ઘસારાને લઈને કપડાની દુકાનો મોડી રાત સુધી ધમધમી રહી હતી. શહેરની દુકાનો સાથે સાથે નગરના શોપીંગ મોલમાં પણ ગ્રાહકો જુદી જુદી ચીજવસ્તુઓની ખરીદી કરતા નજરે પડ્યા હતા.

દિપાવલીનું પર્વ આનંદ અને ઉલ્લાસનું પર્વ છે. હિન્દુ સંસ્કૃતિમાં આ પર્વનું ખાસ મહત્વ રહેલુ છે. દિવાળીને



તહેવારોનો રાજા માનવામાં આવે છે. ત્યારે દિવાળીને લઈ સૌ કોઈ ઉત્સાહિત જણાય છે. ઘર માટે વિવિધ ચીજવસ્તુઓની ખરીદી કરવામાં આવે છે ત્યારે ગાંધીનગર શહેરના સેક્ટરોમાં સે. ૨૧, સે. ૨૪, સે. ૭ તથા ન્યુ ગાંધીનગર વિસ્તારમાં માણસોનું કિડીયારૂ ઉભરાયુ હતુ. દરેક વ્યક્તિ કાઈને કાઈ ખરીદી કરતા નજરે પડતા હતા. નાગરિકોમાં ઘસારાને પગલે બજારોના માર્ગો પર વાહનોમાં ખડકલો થઈ ગયો હતો. ટ્રાફિક જામની સમસ્યા સર્જાઈ હતી. શહેરના સે. ૨૧માં કપડા, શુઝ, કટલરી, ઘર ઉપયોગી ચીજવસ્તુ, શુશોભન ચીજવસ્તુ, રંગોળીના કલરો ખરીદવા શહેરીજનો ઉત્સાહિત જણાયા હતા. આ ઉપરાંત મહેંદી મુકવા માટે પણ બહેનોની ભીડ જામી હતી. છેલ્લા સમયના મેળવેલ બોનસની અસર શહેરની બજારોમાં દેખાઈ રહી હતી. ફટાકડા બજારમાં પણ બાળકો તથા વાલીઓની ભીડ જોવા મળી હતી. છેલ્લા ઘણા સમયથી ગ્રાહકોની રાહ જોઈ રહેલા વેપારીઓએ છેલ્લા બે-ત્રણ દિવસમાં ગ્રાહકોની હાજરી વર્તાતા તેમણે હર્ષની લાગણી અનુભવી હતી. આમ તહેવારને લઈ દિવાળીની સાંજ સુધી શહેરના બજારોમાં ભીડ જોવા મળી હતી.




મહેસાણા જિલ્લાના સર્વને નૂતન વર્ષા અભિનંદન સહ...
ખૂબ ખૂબ શુભેચ્છાઓ
મહેશભાઈ આઈ. બારોટ
જિલ્લા પ્રતિનિધિ - ગાંધીનગર સમાચાર
મો. : ૯૯૭૯૪૦૫૨૩૩


# દિવાળીમાં દિવડાઓના પ્રકાશ સાથે આકાશી નઝારો પણ બદલાયો

## મંદિરોમાં સવારથી દેવદર્શન માટે ભાવિકોની ભીડ જામી : નવા વર્ષની પૂર્વ સંધ્યાએ નગરના સેકટરો રંગબેરંગી રોશનીથી ઝળહળ્યા : મોડી રાત સુધી આતશબાજીથી સેકટરોમાં ધમધમાટ : પારિવારિક માહોલમાં દિવાળી પર્વની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૭

દિવાળીની રાત્રે નગરમાં દિવડાઓના દિવ્ય પ્રકાશ સાથે રંગબેરંગી રોશનીથી અનોખો પ્રકાશ રેલાયો હતો. અંધકાર ઉલેચતા આ પર્વની ઉજવણી દરમિયાન નગરના જનજીવનને તેજોમય બનાવી ઉજાસ પાથર્યો હતો. નગરજનોએ એકમેકને હેપ્પી દિવાળીની શુભકામના પાઠવી હતી. સેકટરોની શેરીઓમાં દિવડાઓની જગામગા સાથે રંગબેરંગી રોશનીની જળહળા જોવા મળી હતી. રાત્રિના સમયે આતશબાજીના નઝારાથી આકાશમાં પણ અવનવા રંગો રેલાયા હતા.

ગાંધીનગરમાં દિવાળીના પર્વ દરમિયાન અનોખો ઉજાસ પથરાયો હતો. રાત્રિના સમયે રંગબેરંગી રોશની અને દિવડાઓથી જગમગતા સેકટરોમાં અનોખી ચેતના જાગૃત થઈ હતી. નવા વર્ષની પુર્વ રાત્રિએ મોડી રાત સુધી આંતશબાજી કરીનો નગરજનોએ દિવાળી પર્વની ઉજવણી કરી હતી. સવારથી જ દિવાળી પર્વને અનુલક્ષી



નગરજનોમાં અનોખો ઉત્સાહ જોવા મળ્યો હતો. સેકટરોમાં સાંજ ઢળતા જ દિવડાઓની દિવ્ય જયોતનો અનોખો શણગાર આકર્ષણનુ કેન્દ્ર બન્યો હતો. રાત્રિનો અંધકાર ઉલેચતા દિવડાઓ સાથે સેકટરોમાં ઘરે ઘેર રંગબેરંગી રોશનીનો જગમગાટ સૌ કોઈ માટે આકર્ષણનુ કેન્દ્ર બન્યો હતો. દિવાળી પર્વને અનુલક્ષી નગરજનોએ ઘરે પણ વિશિષ્ટ રંગોળીનુ પણ સુશોભન કર્યુ હતુ. સવારથી જ મંદિરોમાં પણ ભાવિકોની ભીડ જામી હતી. મંદિરોમાં પણ રંગોળી અને રોશનની જગમગા વચ્ચે નવા શણગારથી સજજ ભગવાનના દર્શન કરી ભાવિકોએ ધન્યતા અનુભવી હતી. દિવાળીના દિવસે સવારથી જ બજારોમાં પણ ભીડ રહી હતી. નવા વર્ષના પુર્વ દિવસે નગરના શોપિંગ બજારોમાં ખરીદી માટે નગરજનો ઉત્સુક જોવા મળ્યા હતા જેમાં ખાસ કરીને કપડાની દુકાનો પર ભીડ રહી હતી.

જયારે સાંજ ઢળતા જ નગરમાં અનોખો પ્રકાશ પથરાયો હતો. અક્ષરધામ સહીતના વિવિધ ધાર્મિક સ્થળો સહીત દિવડાઓ તેમજ રોશનની અનોખો શણગાર સૌ કોઈ માટે આકર્ષણનુ કેન્દ્ર બન્યો હતો. રાત્રિના સમયે દિવડાઓની હારમાળા અને રોશનીથી સુશોભિત સેકટરોમાં ઘરે ઘરે પારિવારિક માહોલમાં દિવાળી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. સૌ કોઈએ આંતશબાજીની પણ મજા લીધી હતી. હેપ્પી દિવાળીની શુભકામના પાઠવી નગરજનોએ સંબંધોને પણ તાજા કર્યા હતા. મનમાંથી અંધકાર અને કડવાશ દુર કરી નવી તાજગી સાથે દિવાળીના પર્વની ઉજવણી કરી હતી.


શ્રી ઉમિયા માતાય નમઃ
નૂતન વર્ષાભિનંદન સહ...



પટેલ હરગોવિંદભાઈ નાથાલાલ
સામાજીક કાર્યકર
ઠે. ભદ્રકાળી માતાજીના મંદિર પાસે
મુ.પો. ઉનાવા, તા. ઊંઝા, જી. મહેસાણા



ઊંઝા નગરના સર્વે નાગરીકો, કર્મચારીગણને નવું વર્ષ સુખરૂપી તેમજ ફળદાયી નીવડે તેવી અભિલાષા સાથે નૂતન વર્ષાભિનંદન






નૂતન વર્ષાભિનંદન સહ...
ખુલ્લી હરાજી | ખરૂ તોલ | રોકડા નાણાં
ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ઉનાવા
માર્કેટયાર્ડ, ઉનાવા, તા. ઊંઝા, ફોન નં. (ઓ) ૨૫૪૨૫૦, ૨૪૦૦૪૮

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ઉનાવામાં ખેત ઉત્પાદનના માલો જેવા કે, જીરું, વરિયાળી, રાયડો, એરંડા તેમજ કાલાંકપાસ, તમાકુની જાહેર ખુલ્લી હરાજીથી ખરીદ વેચાણ કરવા તેમજ ખરૂં તોલ, રોકડા નાણાં અને બજાર સમિતિ તરફથી ઉભી કરાયેલ અદ્યતન સુવિધાઓનો લાભ લેવા ખેડૂતો અને વેપારીઓને આગ્રહભરી વિનંતી છે.

નોંધ :- ઉનાવા માર્કેટયાર્ડમાં અદ્યતન ઓટોમેટિક કોટન જીનીંગ પ્રોસેસિંગ યુનિટ છે. તો ખેડૂતોએ અત્રે કપાસનું વેચાણ કરવા આગ્રહ રાખવો. અહીં કોલ્ડ સ્ટોરેજમાં માલ સાચવવાની ઉત્તમ સગવડ છે. તેમજ કેન્ટિનમાં જમવાની ઉત્તમ વ્યવસ્થા છે.

જય કિસાન
રાજેન્દ્ર કે. પટેલ — સેક્રેટરીશ્રી
અમરતલાલ વી. પટેલ — વાઈસ ચેરમેનશ્રી
ભીખાભાઈ વી. પટેલ — ચેરમેનશ્રી
તથા બોર્ડ ઓફ ડીરેક્ટરશ્રીઓ અને સમસ્ત કર્મચારીગણ
ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ઉનાવા



નૂતન વર્ષાભિનંદન સહ...
ધી ઊંઝા કન્ઝ્યુમર્સ કો.ઓ. સ્ટોર્સ લી.
ગાંધીચોક, ઊંઝા.
ફોન નં. : ૦૨૭૬૭-૨૪૮૬૬૦
બાસમતી ચોખા તથા ફેન્સી ફટાકડા બારેમાસ મળશે.
ગુણવંતભાઈ એસ. પટેલ
ચેરમેન
મનહર ડી. રાવલ
મેનેજર



સર્વને નૂતન વર્ષાભિનંદન



શિવમભાઈ રાવલ
વાઈસ ચેરમેન, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ઊંઝા
પૂર્વ પ્રમુખશ્રી, ઊંઝા નગરપાલિકા, ઊંઝા